# Jya Jya Najar Mari Thare Yadi Bhari Tya Aapni

જ્યાં જ્યાં નઝર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની
આંસુ મહી એઆંખથી યાદી ઝરેછેઆપની !

માશૂકોના ગાલની લાલી મહી લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલોત્યાં ત્યાં નિશાની આપની !

જોઉ અહી ત્યાં આવતી દરિયાવની મીઠી લહર
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જેઝૂમખાં
તેયાદ આપેઆંખને ગેબી કચેરી આપની !

આ ખૂનનેચરખેઅનેરાતેહમારી ગોદમાં
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની !

આકાશથી વર્ષાવતા છોખંજરો દુશ્મન બધા
યાદી બનીનેઢાલ ખેંચાઇ રહી છેઆપની !

દેખી બૂરાઇ ના ડરું હું, શી ફિકર છેપાપની ?
ધોવા બૂરાઇનેબધેગંગા વહેછેઆપની !

થાકુંસિતમથી હોય જ્યાં ના કોઇ ક્યાંયે આશના
તાજી બની ત્યાં ત્યાં ચડેપેલી શરાબી આપની !

જ્યાં જ્યાં મિલાવેહાથ યારોત્યાં મિલાવી હાથને
અહેસાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની !

પ્યારું તજીનેપ્યાર કોઇ આદરેછેલ્લી સફર
ધોવાઇ યાદી ત્યાં રડાવેછેજુદાઇ આપની !

રોઉ ન કાં એરાહમાં એબાકી રહીનેએકલો?
આશકોના રાહની જેરાહદારી આપની !

જૂનુંનવુંજાણું અનેરોઉ હસુંતેતેબધું
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની !

ભૂલી જવાતી છોબધી લાખોકિતાબોસામટી
જોયુંન જોયુંછોબનેજોએક યાદી આપની !

કિસ્મત કરાવેભૂલ તેભૂલોકરી નાખુંબધી
છેઆખરેતોએકલી નેએજ યાદી આપની !

સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ "કલાપી"

Gujaratilyrics.com